# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-01-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## વાયબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સ:

વિકસિત ગુજરાતના સંકલ્પને સાકાર કરવાના હેતુથી વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં બીજા દિવસે ‘MSME કોન્ક્લેવ’નું આયોજન કરવામાં આવ્યું હતું. નાના અને મધ્યમ ઉદ્યોગોને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે રૂ. 381 કરોડથી વધુના MoU કરવામાં આવ્યા હતા, જેના થકી અંદાજે 995થી વધુ નવી રોજગારીની તકો ઊભી થશે.

કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલે ‘વિકસિત ભારત 2047’ માટે ‘વિકસિત ગુજરાત’ને અનિવાર્ય ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકારે રૂ. 60 લાખ કરોડનું જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર આયોજન કર્યું છે, તેમાં MSME સેક્ટર સિંહફાળો આપશે. આ તકે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોન્ક્લેવમાં વિવિધ સત્રો દ્વારા ટેક્નોલોજી અને વૈશ્વિક જોડાણો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

-----------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી દ્વારા ફિલ્ડ વર્ક:

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના જિયોસાયન્સ વિભાગ દ્વારા એમ.એસસી. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક જિયોલોજિકલ ફિલ્ડવર્ક શરૂ કરવામાં આવ્યું છે. કચ્છની અનન્ય જિયોલોજિકલ વિવિધતાનો અભ્યાસ કરવા નાગપુર અને કુમાઉ યુનિવર્સિટીના 50થી વધુ વિદ્યાર્થીઓ પણ આ પ્રવાસે જોડાયા છે.

ડો. ગૌરવ ચૌહાણે વિદ્યાર્થીઓને કચ્છના ભૂસ્તરશાસ્ત્ર અને મ્યુઝિયમ વિશે વિસ્તૃત સમજ આપી હતી. ડો. સુભાષ જાડેજાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ જળકૃત પથ્થરો, ફોસિલ્સ,

માઇનિંગ અને ભૂકંપ વિજ્ઞાન જેવા વિષયો પર પ્રેક્ટિકલ જ્ઞાન મેળવશે. કુલપતિ ડો. મોહન પટેલે વિદ્યાર્થીઓને આ શૈક્ષણિક કાર્ય બદલ પ્રોત્સાહિત કર્યા હતા. આ ફિલ્ડવર્કથી વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ સ્કિલમાં વધારો થશે.

---------------------------------------------------------------------------------------------------

## ઉતરાયણ પર્વમાં PGVCL દ્વારા  અપીલ :

ઉત્તરાયણ પર્વને ધ્યાને લઈ PGVCL ભુજ વર્તુળ કચેરી દ્વારા જનતાના હિતમાં સુરક્ષા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. વીજ કંપનીએ અપીલ કરી છે કે પતંગ ઉડાવતી વખતે મેગ્નેટિક ટેપ, સિન્થેટિક દોરી કે ધાતુમિશ્રિત માંજાનો ઉપયોગ ટાળવો, કારણ કે તેનાથી વીજ લાઈનમાં શોર્ટ સર્કિટ થવાની અને અકસ્માત સર્જાવાની પૂરી શક્યતા રહે છે. વીજ થાંભલા કે તારમાં ફસાયેલા પતંગ કાઢવા માટે લોખંડના સળિયા કે લાકડીનો પ્રયોગ ન કરવો તેમજ બાળકોને તૂટેલા તારથી દૂર રાખવા. આવી પ્રવૃત્તિથી વીજ ઉપકરણો બળી જવાની કે અંધારપટ છવાઈ જવાની ભીતિ રહે છે. કોઈપણ વીજ ફરિયાદ કે અકસ્માત સમયે નાગરિકો ટોલ ફ્રી નંબર **1800 233 155 333** અથવા **19122** પર સંપર્ક કરી શકે છે. તંત્રએ સૌને સતર્કતા અને સલામતી સાથે તહેવાર ઉજવવા અનુરોધ કર્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## રાપરમાં પશુપાલન શિબિર:

રાપરના રવેચી મંદિર ખાતે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર સાથે પ્રદર્શની યોજાઇ હતી. નાયબ પશુપાલન નિયામક ડો. આર.ડી. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી શિબિરમાં રાપર, ભુજ, ભચાઉ, અંજાર અને મુન્દ્રા તાલુકાના 581 જેટલા પશુપાલકો હાજર રહ્યા હતા. નિષ્ણાતો દ્વારા પશુપાલકોને આધુનિક પશુપાલન પદ્ધતિઓ, રોગ નિવારણ, રસિકરણ, નફાકારક પશુપાલન, સેક્સ સોર્ટેડ સિમેન ડોઝ દ્વારા કૃત્રિમ બીજદાન, પ્રાકૃતિક ખેતી અને સહાયકારી યોજના વિશે માહિતી આપી હતી.

---------------------------------------------------------------------------------------------------

## વિથોણમાં સ્વરક્ષણની તાલીમ:

પશ્ચિમ કચ્છ સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા વિથોણ ખાતે મહિલાઓ અને છાત્રાઓ માટે સ્વરક્ષણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કડવા પાટીદાર સમાજવાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં શાળા-કોલેજની યુવતીઓએ જુડો, કરાટે, રાઇફલ શૂટિંગ અને આર્ચરી જેવી રમતોના કૌશલ્યો શીખ્યા હતા. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારની મહિલાઓને આત્મરક્ષણ માટે સક્ષમ બનાવવાનો છે.

---------------------------------------------------------------------------------------------------------

## હવામાન:

પહાડી રાજ્યોમાં હિમવર્ષા અને ઉત્તર-પૂર્વના બર્ફીલા પવનોના કારણે સમગ્ર કચ્છમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. આજે 6 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા રાજ્યના સૌથી ઠંડા મથકોની યાદીમાં પ્રથમ ક્રમાંકે રહ્યું હતું. જિલ્લા મથક ભુજમાં લઘુત્તમ તાપમાન 9 ડિગ્રી અને કંડલામાં 12 ડિગ્રી તાપમાન નોંધાયું છે. ગઇકાલે અબડાસાના મુખ્ય મથક નલિયામાં સિઝનનો સૌથી નીચું તાપમાન 3.8 ડિગ્રી નોંધાયું હતું. ઠંડીના આ પ્રકોપને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. લોકો દિવસના પણ તાપણાંનો સહારો લેવા મજબૂર બન્યા છે. હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે અને ત્યાર પછી લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો ઘટાડો થશે.

---------------------------------------------------------------------------------------------------------

## ગાગોદરમાં  રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી:

બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ ગાગોદર પોલીસ સ્ટેશન દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી હતી. ગાગોદરની સરકારી હાઈસ્કૂલ ખાતે 'શીખ સે સુરક્ષા, ટેકનોલોજી સે પરિવર્તન' થીમ પર આયોજિત આ કાર્યક્રમમાં પોલીસ સ્ટાફે ટ્રાફિક નિયમો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ અને વાહનચાલકોને ડ્રાઇવિંગ લાયસન્સ, ઓવરસ્પીડિંગ અને રોંગ સાઇડ ડ્રાઇવિંગ જેવા નિયમો વિશે વિસ્તૃત સમજણ આપી પેમ્ફલેટ વિતરણ કરાયું હતું.

----------------------------------------------------------------------------------------------------